# સુરત મહાનગરપાલિકા

કે. એલ. વસાવા
કાર્યપાલક ઈજનેર

પૂર્વ(વરાછા) ઝોન–એ
સૈફી સોસાયટીની બાજુમાં,
એલ.એચ.રોડ,સુરત.
ફોન નં.(૦૨૬૧)૨૫૪૭૭૫૦/૨૦૪

ઈઝેડ./ટીડી આ.નં. ૨૫૩૭
તા. ૦૭/૦૧/૨૦૨૩

**પ્રતિ,**
......................................
......................................
......................................

**વિષયઃ** પૂર્વ(વરાછા) ઝોન–એ માં વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧ (એક) વર્ષની મુદત માટે કિયોસ્ક લગાવી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવા બાબત.

**મહાશય,**

આ સાથે સામેલ કોષ્ટકમાં જણાવેલ કામની વિગતથી પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં ઉકત વિષયે કિયોસ્ક લગાવી જાહેરાત પ્રદર્શિત કરવાનો ઈજારો સક્ષમ સત્તાધીશનાં મંજુર થયેલ શરતો અને નીતિ–નિયમો મુજબ કરાવવામાં આવનાર છે. આ કામ અંગે તમો રસ ધરાવતા હોય તો નીચે મુજબના કોષ્ટકમાં જણાવેલ કામ માટે જરૂરી બાનાની રકમ (EMD) ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેનું તમારું ભાવપત્રક સીલબંધ કવરમાં તા. ૩૦/૦૧/૨૦૨૩ સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતું કરશો. ભાવપત્રકમાં કુલ ૦૧ (એક)વર્ષ માટેની ઓફર રકમ આપવાની રહેશે.

| અ. નં. | માધ્યમ / લોકેશન | નંગ | જાહેરાત ની સાઈડ | સાઈઝ | | ક્ષેત્રફળ (ચો.ફુટ) | ઈજારદાર દ્વારા ૧ (એક)વર્ષ માટે આપેલ ઓફર રકમ અંકે કુલ રૂા.(પ્રતિ વર્ષ પ્રતિ પોલ) | ઈજારદાર દ્વારા ૧ (એક)વર્ષ માટે આપેલ ઓફર રકમ અંકે કુલ રૂા.(પ્રતિ વર્ષ ૬૨ પોલ માટે) | કુલ વાર્ષિક ઓફર મુજબ બાનાની રકમ (E.M.D) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | લંબાઈ (ફુટ) | પહોળાઈ (ફુટ) | | | | |
| ૧ | **કિયોસ્ક/** બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલના કિયોસ્ક | ૬૨ | ૧ | ૨'–૬" | ૪'–૦" | ૬૨૦.૦ | | | ૧% |

**નોંધઃ આ ઈજારાની ઓફરમાં ૧(એક) વર્ષની લાયસન્સ ફી ની રકમ ભરવાની રહેશે તેમજ ૦૧(એક) વર્ષની લાયસન્સ ફી ની રકમના ૧% લેખે ઈ.એમ.ડી. ભરવાની રહેશે તથા પ્રવર્તમાન તમામ ટેક્ષ અલગથી ભરવાના રહેશે.**

વધુમાં, સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ નિયત કરેલ જગ્યા માટે મંજુર થયેલ શરતો અને નીતિ–નિયમોને આધિન સંમતિપત્રક રજુ કરવાનું રહેશે. અન્યથા કામ સોંપવા અંગે સંમતિપત્ર માન્ય રાખવામાં આવશે નહી. તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન તમામ ટેક્ષ તથા વખતો વખત બદલતા ટેક્ષ અંગેના નિયમો બંધનકર્તા રહેશે. નિયત સમયમર્યાદા બાદ આવેલ ઓફર કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેમજ ગણતરીમાં લેવામાં આવશે નહી. આપવામાં આવેલ સંમતિપત્રક સ્વીકારવા/રદ કરવાની સત્તા સુરત મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે.

કાર્યપાલક ઈજનેર
પૂર્વ(વરાછા)ઝોન–એ
સુરત મહાનગરપાલિકા

ઈજારદારની સહી સીલ અને તારીખ.

બિડાણ :–
- પત્રક–૧ ટેન્ડરરને સુચના
- પત્રક–૨ જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવા અંગેની શરતો
- પત્રક–૩ હકીકત ફોર્મ
- પત્રક–૪ બાંહેધરી પત્રક

## પત્રક–૧
## ઈજારદારને સુચના

(૧) પૂર્વ(વરાછા) ઝોન–એ માં વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧(એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ઈજારદાર/ એજન્સીને https://smc.nprocure.com વેબ સાઈટ પરથી ઉપલબ્ધ થશે. બાનાની રકમ (EMD) " કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત " ના નામનો એકાઉન્ટ પે ડીમાન્ડ ડ્રાફટ અથવા પે ઓર્ડર "Payable at Surat" / રોકડા થી ભરપાઈ કરવાની રહેશે.

(૨) નીચે જણાવેલ વિગતો સબમીટ કરવાની રહેશે.

(A) EMD ના A/C Pay DD/Pay Order ની નકલ.

(B) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ/ ગુમાસ્તાધારા સર્ટીફીકેટની નકલ.

(C) પરમેનન્ટ એકાઉન્ટ નંબરની નકલ.

(D) GST રજીસ્ટ્રેશનની નકલ.

(E) છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમ ટેક્ષ રીર્ટન ફાઈલ કર્યાની નકલ.

(F) ધંધા વ્યવસાયના પ્રકાર વિષયક ઓળખ સંબંધિત ડોકયુમેન્ટ દા.ત.પ્રોપરાઈટર હોય તો લેટરપેડ ઉપર સેલ્ફ ડેકલેરેશન/ ભાગીદારી પેઢી એ દરેક ભાગીદારના નામ સાથે, વિગતો સહિત પાર્ટનરશીપ ડીડ/ એચ.યુ.એફ. માટે કર્તાનાં પાવર ઓફ એટર્ની અને ડીડ/ પ્રાઈવેટ લિ. તથા લીમીટેડ કંપની માટે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ ધ્વારા ઈસ્યુ કરાયેલ 'સર્ટીફીકેટ ઓફ ઈનકોર્પોરેશન" (ધંધાના પ્રકાર મુજબ જે લાગુ પડતું હોય તે ડોકયુમેન્ટ કાયદેસરની ઓળખના પુરાવા તરીકે અપલોડ/ રજુ કરવાનાં થશે.)

(G) બિડર કોઈ પણ ઓર્ગોનાઈઝેશન / કેન્દ્ર સરકાર/ રાજય સરકાર/ મ્યુનિસિપલ કોર્પોશેન / લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ ધ્વારા બ્લેક લિસ્ટ કરવામાં આવેલ ન હોવો જોઈએ. તે માટે રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર અન્ડરટેકીંગ રજુ કરવાનું રહેશે.

(૩) પૂર્વ(વરાછા) ઝોન–એ માં વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧(એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવા માટે જણાવેલ બાનાની રકમ (EMD) નો રાષ્ટ્રીય/સ્થાનિક શીડયુલ્ડ બેંકનો ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર અચુક બીડવાના રહેશે. બાનાની રકમ વિનાના ટેન્ડર રદ થયેલ ગણાશે.

(૪) ઈજારદારે કવોટેશન સાથે પોતાની કોઈપણ શરત રજુ કરવાની નથી. શરતી ટેન્ડર રદ કરી શકાશે.

(૫) કોઈપણ કવોટેશન સ્વીકારવું કે કેમ તે અંગે સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે અને તે અંગે કોઈ કારણો આપવામાં આવશે નહી.

(૬) કવર ઉપર "કામનું નામ" સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા) ઝોન–એ માં વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧ (એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવાનું કામ" તેમ સ્પષ્ટ લખવાનું છે.

(૭) ઈજારદારે ફોર્મનાં **પત્રક–૩ અને પત્રક–૪** ઉપર તથા ટેન્ડરના અન્ય પેજ પર દર્શાવેલ હોય તે તમામ નિયત જગ્યા એ અચુક સહી કરવાની રહેશે તે સિવાય કવોટેશન માન્ય ગણાશે નહી.

(૮) કવોટેશનમાં દર્શાવેલ પૂર્વ(વરાછા) ઝોન–એ સ્થિત આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર જાહેરાત પ્રદર્શિત કરવાના તમામ માધ્યમોની પૂરેપૂરી સંખ્યા માટે ભાવ આપવાનો રહેશે અને તે મુજબની ગણતરી અનુસાર જરૂરી સીકયોરીટી ડીપોઝીટ તથા ત્રિમાસીક લાયસન્સ ફી પૂર્વ(વરાછા) ઝોન–એ, સુરત મહાનગરપાલિકા ખાતે ભરવાની રહેશે.

(૯) સદર કામની નિયત મુદત / સમયમર્યાદા ૦૧ (એક) વર્ષ છે.

(૧૦) કવોટેશનમાં જણાવ્યા મુજબ આ કામમાં સુરત શહેરના પૂર્વ(વરાછા) ઝોન–એ માં સ્થિત આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર **કવોટેશનમાં** સામેલ યાદી મુજબ જાહેરાત પ્રદર્શિત કરવાના જુદા–જુદા માધ્યમો ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧૧) ઈજારદારે જમાં કરાવેલ ચેક બાઉન્સ / પરત થવાના સંજોગોમાં સુરત મહાનગરપાલિકા ઈજારદાર સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે કાર્યવાહી કરી શકશે તેમજ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં ચેક દીઠ રૂા.૧૦૦૦/– અથવા તો પ્રતિ એક લાખની રકમ માટે રૂા.૧૦૦૦/– દંડ પેટે, બે માંથી જે વધારે હશે તે વસુલ લેવામાં આવશે.

(૧૨) પરવાનગીની મુદત દરમિયાન સરકારશ્રીના ધારાધોરણ મુજબનો GST જે પરવાનેદારે લાયસન્સ ફી સાથે ભરવાનો રહેશે. તેમજ સરકારી/ અર્ધ સરકારી તમામ પ્રકારનાં વખતો વખત લાગુ પડતાં કરવેરા પરવાનેદારે અલગથી ભરવાના રહેશે.

(૧૩) સિંગલ ઓફર મળવાના સંજોગોમાં સિંગલ ઓફર ગ્રાહય રાખવી કેમ તે અંગે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૪) કવોટેશનમાં આવેલ મહત્તમ ઓફરની સક્ષમ સત્તાની મંજુરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેમાં હાઈએસ્ટ બિડરે જમા કરેલ ડોકયુમેન્ટ તથા ટેન્ડર ફોર્મ/ડોકયુમેન્ટ સેલ્ફ એટસ્ટેડ, પોતાના નામ, સહી, હોદ્દો તથા સિકકા સાથેની હાર્ડ કોપી દિન–૭ (સાત) માં પૂર્વ(વરાછા) ઝોન–એ ની કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે રજુ કરવાની રહેશે. એજન્સી ધ્વારા કવોટેશનમાં ભાવ આપ્યા બાદ ટેન્ડરની સમયમર્યાદા પુર્ણ થતાં સુધીના કોઈ પણ તબકકે પોતાના ઓફર પરત ખેંચી

શકાશે નહી. એજન્સી ધ્વારા નિયત સમયમાં સિકયોરીટી ડીપોઝીટ તેમજ લાયસન્સ ફી ભરવાની રહેશે, તેમ ન કરવામાં આવે અથવા જરૂરીયાત મુજબનાં ડોકયુમેન્ટસ રજુ કરવામાં નહી આવે, તો હાઈએસ્ટ બિડરને ડિસ્કવોલીફાઈડ જાહેર કરવામાં આવશે. આવા ડિસ્કવોલીફાઈડ બિડરની ઈ.એમ.ડી. સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરાશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે.

(૧૮) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા પાડેલ ટેન્ડર અન્વયે પ્રથમ હાઈએસ્ટ બિડર ડીસ્કવોલીફાઈડ થાય તો, સેકન્ડ હાઈએસ્ટ બિડરને પ્રથમ હાઈએસ્ટના ભાવે ઓફર આપવાના કામે નેગોશીયેશન માટે જાણ કરવામાં આવશે. જેમાં સેકન્ડ હાઈએસ્ટ બિડર ધ્વારા સંમતિ આપ્યેથી તેઓને સદર ટેન્ડરનો પરવાનો આપવા અંગે કાર્યવાહી કરવામાં આવશે તથા સદર ટેન્ડર અંગેની તમામ શરતો લાગુ પડશે. આ બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૯) સદર કામે આવેલ સેકન્ડ હાઈએસ્ટ બીડર પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરના ભાવો મુજબ કામગીરી કરવા સહમત ન થાય તો, સદર કામે આવેલ થર્ડ હાઈએસ્ટ બીડરને પ્રથમ હાઈએસ્ટ બીડરના ભાવે કામગીરી કરવા સહમતી આપવા જણાવવામાં આવશે. જે અન્વયે થર્ડ હાઈએસ્ટ બીડર પણ પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરના ભાવો મુજબ કામગીરી કરવા સહમત ન થાય તો, ટેન્ડર/કવોટેશન રી–ઈનવાઈટ કરવામાં આવશે.

(૨૦) કોઈપણ ઈજારદારની સુરત મહાનગરપાલિકા ધ્વારા આ અગાઉ મંજુર કરેલ જાહેરાત અંગેના હોર્ડિંગ્સ, કિયોસ્ક, બસ સ્ટેન્ડ વિગેરે કામોએ લાયસન્સ ફીની રકમ બાકી હશે તો ટેન્ડરરનું ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૨૧) ઉપર જણાવેલ તમામ સુચનાઓ અને કવોટેશન ડોકયુમેન્ટ સાથે જોડાયેલ પરિશિષ્ટ આ ટેન્ડરની શરત અને નિયમોનો ભાગ રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**ઈજારદારની સહી :**

## પત્રક–૨

## સુરત મહાનરગપાલિકાના પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧(એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવા અંગેની શરતો.

### [A] સામાન્ય શરતો (General Condition):–

(૧) પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧(એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવા માટે આપેલ ઈજારાના સમયગાળા દરમ્યાન કવોટેશનમાં દર્શાવેલ યાદી પૈકીના કોઈ પણ જાહેરાતના માધ્યમો દુર કરવાનો સુરત મહાનગરપાલિકા તરફથી નિર્ણય કરવામાં આવે તો દુર થયેલ જાહેરાતના માધ્યમો પછીના બાકીના સમયગાળા માટે લાયસન્સ ફીમાં પ્રમાણસર ઘટાડો કરવા મહાનગરપાલિકા અને ઈજારદાર બંધાયેલ રહેશે, પરંતુ ઈજારદારને દુર થયેલ જાહેરાતના માધ્યમો નું કોઈ વળતર મેળવવાનો અધિકાર રહેશે નહિ.

(૨) કવોટેશનમાં જણાવેલ સાઈઝ અને લોકેશન મુજબ જાહેરાતના માધ્યમો પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો આપવા માટેની કામગીરી છે. આ હકકો આપવાથી સુરત મહાનગરપાલિકાની આ જગ્યા/મિલ્કતો પર સદર ફાળવેલ હકક સિવાયના અન્ય જાહેરાતના માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવાના સુરત મહાનગરપાલિકાના હકકો અબાધિત રહે છે તથા તે અન્વયે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૩) નડતરરૂપ જાહેરાતના માધ્યમો જે તે સ્થળેથી દૂર કરવા/ ખસેડવા અથવા સાઈઝમાં નાના મોટા કરવા અંગે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૪) કવોટેશન મંજુર થયેથી પરવાનો લેનારે મહાનગરપાલિકાના મુસદ્દા પ્રમાણે સુરત મહાનગરપાલિકા સાથે એગ્રીમેન્ટ કરવાનો રહેશે. એગ્રીમેન્ટના મુસદ્દામાં જણાવેલ શરતો ટેન્ડરનો ભાગ ગણાશે અને એગ્રીમેન્ટમાં જણાવેલ શરતો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે તથા ઈજારદારશ્રીએ સદર શરતોનું બિનચૂક પાલન કરવાની રહેશે. અને તેમ કરવામાં જો કસુર થશે તો જામીનગીરી તરીકેની સીકયોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને સુરત મહાનગરપાલિકાને આ કરાર ભંગ થયેથી જે કંઈ નુકશાન થશે તે નુકશાનીની રકમ સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી કાયદેસર રીતે વસુલ કરવા હકદાર રહેશે. ઈજારદારે કરારની કોઈ શરતનો ભંગ કર્યા છે કે નહી ? અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી ? તે બાબતનો મ્યુ. કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો રહેશે અને તે ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૫) ઈજારદાર તથા મહાનગરપાલિકા વચ્ચે આ બાબતે કોઈ પણ વિવાદ ઉભો થાય તેવા પ્રસંગે મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

(૬) ઈજારો મંજુર થતા સફળ ઈજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરૂ ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર વિગેરેની વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તેની જાણ તાત્કાલિક સુરત મહાનગરપાલિકાને કરવાની રહેશે. ઈજારદારે જણાવેલ સરનામા ઉપર સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૭) કવોટેશનમાં જણાવેલ તમામ જાહેરાતના માધ્યમો માટે ઈજારદારે ભાવો આપવાના રહેશે. અંશતઃ (Part offer) ઓફર સ્વીકારવામાં આવશે નહી.

(૮) સુરત મહાનગરપાલિકા તરફથી વખતો વખત કોઈ શરતોમાં ફેરફાર થાય અગર તો કોઈ નવી શરતો ઉમેરાય તો તે તમામ પરવાનેદારને માન્ય તથા બંધનકર્તા રહેશે તથા કોઈપણ શરતોના અર્થઘટન માટે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ઈજારદારે ઓફર આપતા પહેલા ટેન્ડરમાં જણાવેલ જાહેરાતના તમામ માધ્યમોની સ્થળ પરિસ્થિતી તથા તેનો હદ વિસ્તાર વિગેરે પુરેપુરો રૂબરૂમાં જોયો છે તથા તમામ માધ્યમો ઉપર પ્રદર્શિત કરવામાં આવનાર બોર્ડ / જાહેરાતો દ્રશ્યમાન (વીઝીબલ) હોવાની તથા સ્થળસ્થિતી મુજબ સદર જાહેરાતના માધ્યમો ઉભા કરી શકાય તેમ હોવાની ખાત્રી કરેલ છે તેમ માની લેવામાં આવશે તથા સ્થળ પર ની હયાત પરિસ્થિતીમાં જ ઈજારા માટે ફાળવવાના રહે છે. જેથી આ બાબતે પાછળથી કોઈ તકરાર ચાલશે નહી.

(૧૦) જો ઈજારદાર તેમને સોંપવામાં આવેલ ઈજારાની નિયત સમય મર્યાદા પુર્ણ થાય તે પહેલા પોતાનો પૂરેપૂરો ઈજારો રદ કરવા ઈચ્છે તો તેઓએ ઓછામાં ઓછા ૬ **(છ) માસ** અગાઉથી લેખિતમાં જાણ કરવાની રહેશે. તેઓની રજુઆત જો ગ્રાહય રાખવામાં આવે અને તે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી જાણ કર્યેથી ઈજારો રદ થયેલો ગણાશે અને ત્યારબાદ ઈજારદારે તમામ માધ્યમો પરથી જાહેરાતો દૂર કરવાની રહેશે. **ઈજારદારે અંશતઃ ઈજારો રદ કરી શકાશે નહી.** તેઓને સોંપવામાં આવેલ પૂરેપૂરી કામગીરી માટે જ ઈજારો રદ કરવામાં આવશે. પરંતુ ઈજારો રદ કરવો કે કેમ? તે અંગે નિર્ણય લેવાની મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે.

(૧૧) જાહેરાતના માધ્યમો પર ના જાહેરાતના હકકો અન્ય કોઈપણ એજન્સીને પેટા ભાડેથી આપી શકશે નહી તેમ છતા જો તેમ થયેલ હોવાનું જણાશે તો સુરત મહાનગરપાલિકા તેવી જાહેરાત વિના નોટીસે, ટેન્ડરરના ખર્ચે અને જોખમે દુર કરી શકશે અને તે અંગે કોઈ વળતર મેળવવા તેઓ હકકદાર રહેશે

નહી. તથા સદર કામે જમા કરાવેલ સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

**[B] ઈએમડી (બાનાની રકમ) સિકયુરીટી ડીપોઝીટ, લાયસન્સ ફી, ટેક્ષ / ડયુટી બાબતઃ–**

(૧) ઈજારદારે કવોટેશનમાં જણાવ્યા મુજબની બાનાની રકમ (EMD) કવોટેશન સાથે જમા કરાવવાની રહેશે.

(૨) સફળ ઈજારદારે ઓફર મંજુર થયાની લેખિત જાણ કર્યાની તારીખથી / એલોટમેન્ટ લેટર મળ્યાની તારીખથી **દિન ૦૭(સાત)**માં સીકયોરીટી ડિપોઝીટ રોકડેથી / ડીમાન્ડ ડ્રાફટથી પૂર્વ(વરાછા) ઝોન–એ ની કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે ભરવાની રહેશે. જો તે પ્રમાણે સમયસર રકમ ભરાશે નહી તો અર્નેસ્ટ મની (બાનાની) ડીપોઝીટની રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરી શકશે તથા ટેન્ડરરના હકકો આપો આપ રદ થશે. જે અંગે કોઈ તકરાર ચાલી શકશે નહી. સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરવામાં નિયત સમયથી વધુ સમય લાગશે તો વિલંબીત સમયગાળા માટે સીકયોરીટી ડીપોઝીટની રકમ પર વાર્ષિક ૧૮%ના દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

(૩) સીકયોરીટી ડીપોઝીટ તરીકે ભરેલી રકમ આ કામગીરી અંગેનાં કરાર પાલનની જામીનગીરી તરીકે સુરત મહાનગરપાલિકા પાસે અનામત તરીકે રાખવામાં આવશે. અને ફાળવણીની શરતોનું પાલન થયું હશે તો ફાળવણીની મુદત પુરી થયેથી ઈજારદારને વગર વ્યાજે પરત આપવામાં આવશે.

(૪) સીકયોરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ ઈજારદારને જાહેરાતના માધ્યમો પર જાહેરાત કરવા માટે પરવાનગી આપવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ, લાયસન્સ ફીની રકમ ભરપાઈ કરવામાં જો વિલંબ થશે તો તે ઈજારદારની જવાબદારી ગણાશે અને તેને લીધે કામગીરીની નિયત સમયમર્યાદામાં કોઈપણ જાતનો વધારો કરી આપવો કે કેમ તે અંગે નિર્ણય લેવાની મ્યુ. કમિશનરની સત્તા અબાધિત રહેશે.

(૫) કવોટેશન મંજુર થયેથી એલોટમેન્ટ લેટર આપ્યાની તારીખથી **દિન–૦૭ (સાત)** માં ત્રિમાસીક લાયસન્સ ફી રોકડેથી / ચેકથી / ડીમાન્ડ ડ્રાફટ મારફતે પૂર્વ(વરાછા) ઝોન–એ ની કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે ભરવાની રહેશે. ચેક / ડીમાન્ડ ડ્રાફટ કમિશ્નર, સુરત મહાનગરપાલિકાના નામનો સ્થાનિક શીડયુલ / રાષ્ટ્રીયકૃત બેંકનો આપવાનો રહેશે. નિયત લાયસન્સ ફી / પરવાના ફી ભરવામાં નિયત સમયમર્યાદાથી વધુ સમય લાગે તો સુરત મહાનગરપાલિકાના નિતી–નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને નિયત સમય પછીના વધારાના વિલંબના સમય માટે ૧૮% ના વાર્ષિક દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

પરંતુ જો ઈજારદાર એલોટમેન્ટ લેટર મળ્યાની તારીખથી વધુમાં વધુ **૩(ત્રણ) માસમાં** ત્રિમાસિક લાયસન્સ ફી ની રકમ વિલંબીત પેનલ્ટી સહિત ભરવામાં નિષ્ફળ જશે તો તેમની ઈ.એમ.ડી. / સીકયુરીટી ડીપોઝીટની રકમ તથા અન્ય કોઈપણ જમા રકમ સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા સ્થળ પર કરવામાં આવેલ / થયેલ કામગીરી, માલસામાનનો પ્રત્યક્ષ કબજો લઈ શકશે તેમજ તે બાબતે કોઈ નુકશાની ઈજારદાર માંગી શકશે નહી. આ સંજોગોમાં ઈજારદારનું ટેન્ડર દફતરે કરી, ટેન્ડરના હકકો રદ કરવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા અન્ય ઈજારદાર / વ્યકિત / સંસ્થા / એજન્સીને આ કામગીરી સોંપવા માટે હકકદાર રહેશે.

(૬) સદર કામે આવેલ બિડરો પૈકી પ્રથમ ત્રણ હાઈએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુર થયેલ બિડરને એલોટમેન્ટ લેટર ઈસ્યુ થયેથી તેઓ ધ્વારા નિયમ મુજબ સિકયુરીટી ડીપોઝીટ ભરપાઈ કર્યેથી ત્યારબાદ મંજુરી મળ્યેથી પરત કરવામાં આવશે. પ્રથમ ત્રણ બિડરો સિવાયનાં અન્ય બિડરોની ઈ.એમ.ડી. ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુરી મળ્યેથી પરત કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ લાયસન્સ/પરવાના ફી ઈજારદારે નિયત સમયમાં / સમયાંતરે સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

(૭) પ્રથમ ત્રિમાસીક પછીની દરેક ત્રિમાસીક લાયસન્સ ફીની રકમ અગાઉથી સ્થાનિક શીડયુલ / રાષ્ટ્રીયકૃત બેંકના ચેકથી ડીમાન્ડ ડ્રાફટ/રોકડેથી જે તે માસ શરૂ થાય તે પહેલા ભરવી પડશે અને જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા સદરહુ જાહેરાત વગર નોટિસે ઉતારી શકશે. તેમજ ઈજારો રદ કરી શકશે અને તે બાબતની કોઈ નુકશાની ઈજારદાર માંગી શકશે નહી. આવી કાર્યવાહી કરતાં પહેલા સુરત મહાનગરપાલિકા આવી ફી માટે માંગણી કરવા અથવા ઈજારદારને ખબર આપવા બંધાયેલ નથી.

(૮) ઈજારદારની ઈજારાના નિયત સમયગાળા દરમ્યાન જાહેરાતના માધ્યમોની સાઈઝ, સંખ્યા અથવા પ્રકારમાં સુરત મહાનગરપાલિકાની મંજુરીથી ઘટાડો / વધારો / ફેરફાર થાય તો તદ્નુસાર મંજુર લાયસન્સ ફીમાં પ્રમાણસર ઘટાડો / વધારો કરવા સુરત મહાનગરપાલિકા અને ટેન્ડરર બંધાયેલા રહેશે. આવા પ્રસંગોએ સુરત મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી તરફથી નિર્ણય / હુકમ થયેથી આગામી ત્રિમાસિક લાયસન્સ ફીની રકમમાં પ્રમાણસર વધારો / ઘટાડો કરવામાં આવશે અને જયાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી નિયત લાયસન્સ ફીની રકમ ઈજારદારે સમયસર ભરવાની રહેશે.

ઈજારદાર જો નવા પ્રકારના જાહેરાતના માધ્યમો સૂચિત કરે અને તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગ્રાહય રાખવામાં આવે તો તે માટે નિયત થાય તે મુજબ મંજુર લાયસન્સ ફીમાં સુરત મહાનગરપાલિકા પ્રમાણસર વધારો કરી શકશે અને તે ઈજારદારે માન્ય રાખવાનો રહેશે.

(૯) આવેલ ઓફરો પૈકી સ્વીકારવામાં આવેલ ઓફર સિવાયના અન્ય ઈજારદારોએ કવોટેશન સાથે જમા કરાવેલ બાનાની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. સફળ ઈજારદારની બાનાની રકમ જરૂરી સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરાયા બાદ જ પરત આપવામાં આવશે.

(૧૦) ઈજારદારને ફાળવેલ જગ્યા / માધ્યમો ઉપર જાહેરાત કરવા સબંધી કોઈ પણ કાયદા હેઠળ રાજય સરકાર/ કેન્દ્ર સરકાર અથવા કોઈ લાગતી વળગતી સરકારી/અર્ધસરકારી એજન્સીની મંજુરી/પરવાનગી/ લાયસન્સની જરૂર હોય તો તે ઈજારદારે પોતે જ મેળવવાની રહેશે. સુરત મહાનગરપાલિકાની સદર બાબતે કોઈ જવાબદારી રહેતી નથી.

(૧૧) એલોટમેન્ટ લેટર મળ્યેથી લાયસન્સ ફીની રકમની સાથો સાથ કેન્દ્ર સરકાર / રાજય સરકાર તરફથી નકકી થયેલ ચાર્જ કે વખતો વખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતાં ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/ચાર્જ/વેરા/ડયુટી વિગેરે ભરવાની / આપવાની જવાબદારી ઈજારદારની રહેશે.

કેન્દ્ર સરકાર / રાજય સરકાર / સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમો / કાયદામાં ફેરફારો થવાને કારણે કે નવા કાયદાઓ / નિયમોને કારણે ઈજારાની મુદત દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ / ચાર્જ / ડયુટી / વેરાઓ વિગેરે અમલમાં આવે તો તે ભરપાઈ કરવાની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને ફાળવણીની મુદત પુરી થયા પછી જો સરકારશ્રી તરફથી કોઈ લેણું આવશે તો સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વસુલ કરવા હકદાર રહેશે. ઈજારદારે ભરવાની થતી ટેક્ષ / ડયુટી / વેરા / ચાર્જ વિગેરે તથા સરકારી ધારાની રકમ લાયસન્સ ફીની રકમ સાથે જ ભરપાઈ કરવાની રહે છે.

(૧૨) કવોટેશન મંજુર થયેથી પરવાનો લેનારે મહાનગરપાલિકાના મુસદ્દા પ્રમાણે સુરત મહાનગરપાલિકા સાથે એગ્રીમેન્ટ કરવાનો રહેશે. એગ્રીમેન્ટના મુસદ્દામાં જણાવેલ શરતો આ ટેન્ડરનો ભાગ ગણાશે અને તે એગ્રીમેન્ટમાં જણાવેલી પરવાનાની શરતોનું પાલન કરવા પરવાનો લેનાર બંધાયેલ રહેશે અને તેમ કરવામાં જો કસુર થશે તો જામીનગીરી તરીકેની રકમ જપ્ત કરવામાં આવશે અને મ્યુનિસીપલ કોર્પોરેશનને આ કરાર ભંગ થયેથી જે કંઈ નુકશાન થશે તે નુકશાનીની રકમ મહાનગરપાલિકા પરવાનો લેનાર પાસેથી કાયદેસર વસુલ કરવાને હકકદાર રહેશે. પરવાનેદારે કરારની કોઈ શરતનો ભંગ કર્યો છે કે નહી અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તે બાબતનો મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે તે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

## [C] સમયમર્યાદા બાબતઃ–

(૧) સદર ફાળવણી ૦૧(એક) વર્ષની મુદત માટે કરવામાં આવે છે. આ પરવાનાની મુદત એલોટમેન્ટ લેટરની તારીખથી ૧૫(પંદર) દિવસ બાદ ગણવાની રહે છે. સદર ૧૫(પંદર) દિવસમાં જાહેરતના માધ્યમો માટે જરૂરી સ્ટ્રકચર ઉભા કરવા/ઈન્સ્ટોલ કરવા વિગેરે જેવી પુર્વ તૈયારી કરવાની રહેશે. ત્યારબાદ પરવાનાની મુદત ૦૧(એક) વર્ષ સુધીની રહેશે. જો ઈજારદાર સદર ફાળવણીની મુદત ઉકત ૦૧(એક) વર્ષ પછી વધારવા માંગતા હોયતો ૦૧(એક) વર્ષની મુદત પૂર્ણ થવાની તારીખના ઓછામાં ઓછા ત્રણ માસ પહેલાં મુદત વધારવા બાબતે લેખીતમાં નવી ઓફર સાથે અરજી કરવાની રહેશે. પ્રથમ ૦૧(એક) વર્ષ દરમ્યાન ઈજારદારની કામગીરી સંતોષકારક હશે તો જ મુદતમાં વધારો (Extension) આપવા સુરત મહાનગરપાલિકા નિર્ણય કરશે. ઈજારદારની નવી ઓફર ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાને યોગ્ય જણાય તેવી શરતો/લાયસન્સ ફી મુજબ ફાળવણી કરવામાં આવશે. મુદત વધારવી કે કેમ? અને કેટલાં સમયગાળા માટે વધારવી? જે અન્વયેના નિર્ણયની સઘળી સત્તા મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની રહેશે અને જો કોઈ કેસમાં મુદત વધારવામાં આવે કે ન આવે તો તેવા કેસમાં સુરત મહાનગરપાલિકા કોઈપણ ખુલાસા કે કારણો આપવા બંધાયેલ નથી.

(૨) ઈજારદારની કામગીરી સંતોષકારક ન જણાય તો તેમનો ઈજારો મુદત પુરી થતા પહેલા રદ કરવાનો મહાનગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે. જેને માટે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૩) સીકયોરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ ઈજારદારને સાઈટ પર કામગીરી કરવા માટે પરવાનગી આપવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ, લાયસન્સ ફીની રકમ ભરપાઈ કરવામાં જો વિલંબ થશે તો તે ઈજારદારની જવાબદારી ગણાશે અને તેને લીધે કામગીરીની નિયત સમયમર્યાદામાં કોઈપણ જાતનો વધારો કરી આપવો મહાનગરપાલિકા માટે ફરજીયાત નથી આવી પરિસ્થિતીને ધ્યાને લઈ મુદતમાં વધારો કરી આપવો કે કેમ ? તે અંગે નિર્ણય કરવાની મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે અને કરવામાં આવેલ નિર્ણય માટેના કોઈ કારણો આપવામાં આવશે નહી.

(૪) ઈજારાનો સમયગાળો પુરો થયેથી ઈજારદાર તરફથી જાહેરાત માટે લગાડવવામાં આવેલ તમામ બોર્ડ/લોગો/લખાણ પોતાના ખર્ચે દુર કરવાના રહેશે. બોર્ડ/લોગો/લખાણ દુર કરવામાં ઈજારદાર તરફથી કોઈ વિલંબ થશે તો તેવા બોર્ડ/લોગો/લખાણ ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા દુર કરાવી જાહેરાતના માધ્યમો કબજો લઈ લેશે અને તે અંગેના જે કંઈ ખર્ચ થાય તે તથા આમ કરવામાં જે વધારાનો સમય લાગે તે માટે પણ સપ્રમાણ વધારાનો ચાર્જ સીકયોરીટી

ડિપોઝીટની રકમમાંથી કાપી લેવા  તથા ઈજારદાર પાસેથી વસુલ લેવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

**[D] સંખ્યા બાબતઃ–**

(૧) આ કામે જાહેરાતના હકકો ફાળવવા માટે નિયત કરવામાં આવેલ માધ્યમોની સુચિત યાદી કવોટેશન માં દર્શાવી છે.

(૨) સુરત મહાનગરપાલિકાને જરૂર જણાયે ટેન્ડરમાં સુચવેલ / દર્શાવેલ સ્ટ્રીટ લાઈટ પોલ, ગેન્ટ્રી વિગેરે તેમજ અન્ય કોઈ માધ્યમ વધારી /ઘટાડી શકશે અથવા માધ્યમોની સંખ્યામાં ફેરફાર કરી શકશે. ટેન્ડરમાં નિયત જાહેરાતના માધ્યમો ના માધ્યમોની સંખ્યા કરતા વધારાના માધ્યમો પર જાહેરાત પ્રદર્શિત કરવાની થાય તો તે માટે ઈજારદાર સુરત મહાનગરપાલિકાની સંમતિ મેળવી કરી શકશે. વધારાના ઉભા કરવાના / બનાવવાના થતા જાહેરાતના માધ્યમો / બોર્ડ માટે મંજુર લાયસન્સ ફી મુજબની વધારાની લાયસન્સ ફીની રકમ પ્રમાણસર ભરવાની રહેશે.

(૩) આ મુજબની જો કોઈ માધ્યમની સાઈઝમાં પણ જો વધારો / ઘટાડો થઈ શકે તેવી પરિસ્થિતિમાં ઈજરાદારે સુરત મહાનગરપાલિકાની સુચના મુજબ પોતાના ખર્ચે અને જોખમે વધારો / ઘટાડો કરી આપવાનો રહેશે. આ પ્રમાણે માધ્યમની સાઈઝમાં થતાં વધારા / ઘટાડા અનુસારના ક્ષેત્રફળ મુજબ લાયસન્સ ફીમાં સપ્રમાણ વધારો / ઘટાડો કરવાનો રહેશે.

(૪) કામગીરીના અમલીકરણ વખતે સ્થાનિક જરૂરીયાતો અગર તો કોઈ અન્ય તાંત્રીક કારણોસર સ્ટ્રીટ લાઈટ પોલ કે અન્ય માધ્યમો દુર કરવામાં આવે તો એવી ઘટાડેલી સંખ્યાઓને અનુરૂપ ઈજારદારને લાયસન્સ ફીમાં સપ્રમાણસર ઘટાડો આપવામાં /  અગરતો ભવિષ્યની ફી માંથી મજરે આપવામાં આવશે. પરંતુ તેના બદલામાં ઈજારદાર ફાળવણીની સમયમર્યાદા, નફામાં નુકશાની (Loss in Profit) વિગેરેની કોઈ રજુઆત / માંગણી કરી શકશે નહી. જાહેરાતના માધ્યમોની સંખ્યામાં વધારો થાય તો મંજુર થયેલ ભાગ / શરતોને આધીન ઈજારદાર કામગીરી કરી શકશે.

(૫) વધુમાં, જો ચાલુ કામગીરી દરમ્યાન સદર કામે સુરત મહાનગરપાલિકા તરફથી સદર ટેન્ડરમાં જણાવેલ સંખ્યા સિવાયના અન્ય વધારાના નવા પોલ કે બીજા માધ્યમો ઉભા કરવામાં આવે કે ટેન્ડરમાં ઉલ્લેખ કર્યા સિવાયના અન્ય હયાત પોલ ઉપર સુરત મહાનગરપાલિકા પુર્વ મંજુરી બાદ કિયોસ્ક બોર્ડ લગાવી શકાશે. જેમાં ટેન્ડરના મંજુર ભાવને યથાવત ગણવાનો રહેશે અથવા સુરત મહાનગરપાલિકા જે ભાવ મંજુર કરે તે માન્ય રાખવાનો રહેશે અને તે મુજબ થતી વધારાની સીકયોરીટી ડીપોઝીટની રકમ (વાર્ષિક લાયસન્સ ફીના ૨૫% લેખે) ભરવાની રહેશે.

(૬) કેન્દ્ર/રાજય સરકારશ્રીનાં કે સુરત મહાનગરપાલિકાના કાર્યક્રમો માટે જરૂરિયાત મુજબના માધ્યમો ઉપર જાહેરહિતમાં સુરત મહાનગરપાલિકા જાહેરાત કરી શકશે. આ બાબતે જે તે પરવાનેદાર વાંધો કે તકરાર કરી શકશે નહિ.

(૭) શહેર વિસ્તારમાં બનાવવામાં આવેલ ફુટ ઓવર બ્રીજના બંને બાજુ ૬૦૦ મી. સુધીના વિસ્તારમાં આવેલ જાહેરાતના માધ્યમો આ ટેન્ડર પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવેલ છે. તેમ છતા સ્થળની ચોકકસ વિગતો ધ્યાને લેતા સદર સંખ્યા/ક્ષેત્રફળમાં ફેરફાર (વધ/ઘટ) કરવા પાત્ર થયેલ જણાય તો તદ્દઅનુસાર વધ/ઘટ ક્ષેત્રફળના સપ્રમાણમાં લાયસન્સ ફી માં વધારો/ઘટાડો થવા પાત્ર રહેશે, જેની નોંધ લેવી.

(૮) ટેન્ડરના સમયગાળા દરમ્યાન ટેન્ડરમાં દર્શાવ્યા સિવાયના નવા પોલો / જાહેરાતના માધ્યમો ઉભા કરવામાં આવે અને તે ફાળવી શકાય તેમ હોય તો આ નવા માધ્યમો માટેની ફાળવણી ઈજારદારને આજ ટેન્ડરના ભાગ, શરતો તથા સમયમર્યાદાને આધિન રહેશે. સદર પોલો ઈજારદાર લેવા સંમત ન હોય તો તે પોલોની ફાળવણી અન્ય ઈજારદારને સુરત મહાનગરપાલિકા નકકી કરે તે ભાવો, શરતો અને સમયમર્યાદા માટે થઈ શકશે. તેમાં ઈજારદાર કોઈ વાંધો લઈ શકશે નહી.

**[E] બાંધકામ / ઈરેકશન (Erection) તથા નિભાવ અને જાળવણી (મેઈન્ટેનન્સ) બાબતઃ–**

(૧) જાહેરાતના માધ્યમો ઉભા કરવા / જાહેરાતો લગાડવાની કામગીરી દરમ્યાન કે માલ–સામાનની હેરફેર કરતી વખતે કામદારો, આજુબાજુના રહીશો, વાહન વ્યવહાર કે અવર જવર કરનાર નાગરીકોને અસર ન થાય તેમજ નુકશાન ન પહોંચે તેમજ કોઈ અકસ્માત ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. સંભવિત અકસ્માતની શકયતાઓ સામે તમામ પ્રકારના તકેદારીના પગલા લેવાની જવાબદારી ઈજારદારની છે. આ કામગીરી દરમ્યાન કોઈ અકસ્માત / જાનહાની થશે તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની છે.

(૨) આ કામગીરી દરમ્યાન સ્ટ્રીટ લાઈટ પોલ, બ્રીજ કે બ્રીજના કોઈ ભાગને તથા સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન પહોંચે નહી તેની જવાબદારી ઈજારદારની રહેશે અને તેને કોઈ નુકશાન થશે તે સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વળતર લઈ શકશે. જાહેરાતના તમામ માધ્યમોને કોઈપણ નુકશાન થાય અથવા ચોરાય જાય તે માટે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩) સદર કામે ફાળવવામાં આવેલ હયાત જાહેરાતના માધ્યમો જેવા કે નદી પરના ભાગ પર આવેલ બ્રીજની બંને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર કિયોસ્ક બોર્ડ વિગેરે સફળ ઈજારદારે પોતાના ઉભા કરવાના રહેશે. આ તમામ માધ્યમો ઉભા કરવામાં આવે ત્યારે પુલના સ્ટ્રકચરને કોઈ નુકશાન ન થાય

તેની ખાસ કાળજી રાખવી તથા જે કંઈ તુટ–ફુટ થાય તેની મરામત સુરત મહાનગરપાલિકા તરફથી સુચવ્યા મુજબ કરવાની તથા તેને યથાવત સ્થિતિમાં લાવવાની જવાબદારી સફળ ઈજારદારની રહેશે. તથા સદર માધ્યમો ટ્રાફિકને અડચણરૂપ ન થાય તે રીતે ઉભા કરવાના રહેશે.

(૪) જાહેરાત બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ વિગેરે માધ્યમોની જાળવણી તથા સલામતીની તેમજ કોઈ અકસ્માત થાય તો તેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે તથા તે અંગે કોઈ વળતર આપવાનું થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૫) અકસ્માતથી પડી જાય તેવા તકલાદી અગર ભયજનક હોય તેવા માધ્યમો રાખવા દેવામાં આવશે નહી અને જો તેમ થયેલ જણાશે તો તેવા માધ્યમો મહાનગરપાલિકા વગર નોટિસે પરવાનેદારના ખર્ચે અને જોખમે ઉતરાવી નાંખશે તેમજ તે અંગેની કોઈપણ રકમ રીફન્ડ આપવામાં આવશે નહી. સ્ટ્રકચરલી સ્ટેબલ તથા તમામ પ્રકારે સલામત હોર્ડિંગ્સ/તમામ માધ્યમો રાખવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહે છે. આ સંબંધે કોઈપણ અકસ્માત/નુકશાન/જાનહાની સર્જાશે તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૬) જાહેરાતના માધ્યમો મજબુત અને લગાડતા પહેલા કાટ ન લાગે તેવા રંગથી રંગેલું અને તે સહેલાઈથી ઉતારી શકાય તેવી રચનાવાળું હોવું જોઈએ.

(૭) સુરત મહાનગરપાલિકા ધ્વારા તેઓની મિલકત/ થાંભલા રસ્તા પર રંગ રોગાન/ મરામતનું કામ કરે ત્યારે પરવાનેદાર તેમના જાહેરાતના માધ્યમો ઉતારવાના રહેશે. જો તે ઉતારવામાં નહિ આવે તો જાહેરાતના માધ્યમોથી ઢંકાયેલા અને રંગાયેલા ભાગનું કામ મ્યુનિસિપલ કોર્પોરેશનને માન્ય કરેલ રંગથી પરવાનેદારે તેમના ખર્ચે અને જોખમે કરી આપવાનું રહેશે અને જો તેમ નહી થાય તો સુરત મહાનગરપાલિકા પરવાનેદારના ખર્ચે અને જોખમે કરી શકશે.

(૮) ઈજારદારે જાહેરાતના તમામ માધ્યમોનું નિયમિત રૂપે મેઈન્ટેનન્સ કરવાનું રહેશે. સ્ટ્રીટ લાઈટ પોલ પરના કિયોસ્ક બોર્ડની કામગીરી શરૂ કરતાં પહેલાં સ્ટાન્ડર્ડ કવોલીટીના એન્ટીકોરોઝીવ (Anti-Corrosive) પેઈન્ટ વડે રંગવાના રહેશે અને પ્રતિ વર્ષ આ મુજબ કલરકામ કરતાં રહેવાનું રહેશે.

(૯) સ્ટ્રીટ લાઈટ પોલ પરના કિયોસ્ક બોર્ડના સ્ટ્રકચર,નટ–બોલ્ટ, ફિકચર્સ (Fixtures) વિગેરે દર મહિને ચેક કરવાના રહેશે અને તેને જરૂર જણાયે ટાઈટ કરી આ માધ્યમોને સલામત રાખવાના રહેશે. અગર તો નટ–બોલ્ટ કે ફિકચર્સ (Fixtures) બદલવા જોગ જણાય તો તે ઈજારદારે તાત્કાલિક પોતાના ખર્ચે બદલવાના રહેશે.

(૧૦) કામગીરીના સમયગાળા દરમ્યાન કોઈ માધ્યમ તૂટી / નમી / વળી / પડી જાય નહીં તેની પૂરતી જાળવણી / કાળજી ઈજારદારે અચુક રાખવાની છે અને જો કોઈ માધ્યમને અસર થાય તો તેને ફરી પાછા મૂળ સલામત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની છે.

(૧૧) વરસાદ–વાવઝોડા કે કુદરતી આફતોના સમયે તથા નિયમિત ધોરણે આ તમામ માધ્યમોની ખાસ ચકાસણી કરવાની રહેશે અને તેની વિશેષ જાળવણી કરવાની રહેશે. જે દરમ્યાન કોઈ અકસ્માત કે જાનહાનિ થાય તો તેની પણ સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે, તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૨) કવોટેશનમાં જણાવ્યા મુજબ આઈમાતા રોડના બંને સાઈડના પ્રત્યેક સ્ટ્રીટ લાઈટ પોલ ઉપર ૨'–૬" × ૪'–૦" સાઈઝનું કિયોસ્ક બોર્ડ મુકવાનું રહેશે અને તે જમીન / બ્રીજ–ફુટપાથ લેવલથી ઓછામાં ઓછી ૩(ત્રણ) મીટરની ઉંચાઈએ રાખવાનું રહેશે. સદર તમામ જાહેરાતના માધ્યમો ટ્રાફિકને અડચણરૂપ ન થાય તે રીતે ઉભા કરવાના રહેશે. સદર જાહેરાતના માધ્યમો ઈજારદારે ઝોન કચેરીના સંકલનમાં રહી ઉભા કરવાના રહેશે અને ઝોન કચેરી ધ્વારા સદર માધ્યમોની સમયાંતરે ચકાસણી કરવામાં આવશે.આ સિવાયનું અન્ય કોઈપણ સાઈઝનું માધ્યમ પરવાનગી વિનાનું ગણીને ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા ઉતરાવી નાખશે.

(૧૩) જો ઈજારદાર ઈચ્છે તો જાહેરાતને પ્રકાશિત (illuminated) કરી શકશે. જહેરાત પ્રકાશિત કરવા માટેની વીજળીની જોગવાઈ / કનેકશન તેમજ મીટર વિગેરે મેળવવાની તમામ કાર્યવાહી ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. જેને માટે ઈજારદારની લેખિત અરજી મળ્યેથી અત્રેથી વીજળી કનેકશન / મીટર મેળવવામાં સહયોગી થઈ શકાય તે હેતુથી "ન વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવશે. પ્રકાશિત (illuminated) જહેરાત માટે વીજ કનેકશન / મીટર મેળવવાનો તમામ ખર્ચ ઈજારદારે ભોગવવાનો રહેશે તથા ઈજારાના સમગ્ર સમયગાળા દરમ્યાનના વીજ વપરાશના ચાર્જિસ નિયમિત રૂપે જે તે વીજ કંપનીને ભરપાઈ કરવાના રહેશે.

(૧૪) ઈજારદાર ધ્વારા જાહેરાતને પ્રકાશિત (illuminated) કરવામાં આવે તો, ઈલેકટ્રીફીકેશનની કામગીરી બાબતે જરૂરી સલામતના પગલાં લઈ જાહેરાતને પ્રકાશિત (illuminated) કરી શકશે. સદર ઈલેકટ્રીફીકેશનની કામગીરી અંતર્ગત કોઈપણ પ્રકારનો અકસ્માત કે જાનહાનિ થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે, તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૫) જાહેરાતના માધ્યમોથી કોઈપણ અકસ્માત કે જાનહાનિ થાય તો, તે અંગે વળતર ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે વળતર ચુકવવા અંગેની જવાબદારી ઈજારદાર/પરવાનેદારની રહેશે, તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૬) ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ હેઠળના મંજુર પુનરાવર્તિત ડેવલપમેન્ટ પ્લાન મુજબના મંજુર ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સના નિયમો તથા ધી બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ની કલમ–૨૪૫ની જોગવાઈઓ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા વખતો વખત લાગુ કરવામાં આવે તેવા નિયમો અરજદાર / એજન્સીને માન્ય અને બંધનકર્તા રહેશે.

(૧૭) પ્રવર્તમાન જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સના નિયમો સંદર્ભે જે કોઈ નિર્ણય લેવાય કે ફેરફારો થાય અને તે સંદર્ભે સુરત મહાનગરપાલિકા જે નિર્ણય કરે તેને આધિન, આ ટેન્ડરનો પરવાનો આપ્યો હોવાનું ગણવાનું રહેશે. જે આખરી અને બંધનકર્તા રહેશે.

**[F] જાહેરાત કરવાની શરતો બાબતઃ–**

(૧) ઈજારદાર જાહેરાતના બોર્ડ પર અયોગ્ય, અશ્લીલ, કાયદા થી પ્રતિબંધિત તેમજ જાહેર સુરૂચીનો ભંગ કરે તેવી કોઈ પણ જાહેરાત પ્રદર્શિત કરી શકશે નહિ અને જો તેમ થયેલ જણાશે તો તેવી જાહેરાતના બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ મહાનગરપાલિકા ઈજારદારના ખર્ચે અને જોખમે વગર નોટીસે દુર કરી નાખશે અને તેમ કરવાનો જે ખર્ચ થશે તે ઈજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨) જાહેરાત પ્રદર્શિત કરવા માટેની મહત્તમ સાઈઝ નિયત કરવામાં આવેલ છે તે જગ્યા પર જ અને તેની મર્યાદામાં રહીને યોગ્ય મટીરીયલના ફ્રેમીંગ સહિતના બોર્ડ સ્ટ્રકચર જાહેરાતના માધ્યમો ઉપર લગાવવાના રહેશે.

(૩) દરેક બોર્ડ ઉપર સુરત મહાનગરપાલિકાનો લોગો, ઈજારદાર/સંસ્થાનું નામ, બોર્ડનો ક્રમાંક તથા ટેલીફોન નંબર, પરવાનગીની વિગત, પરવાનગીનો સમયગાળો દુરથી દેખાય તે રીતે ફરજીયાત લખવાનો રહેશે.

(૪) ઈજારા દરમ્યાન જાહેરાતના માધ્યમો ઉપર જાહેરાત માટે નિયત કરવામાં આવે તે સિવાયની જગ્યા/વિસ્તારમાં કોઈ પણ પોસ્ટર્સ, બેનર્સ, સાઈનબોર્ડ વિગેરે લગાવવામાં નહીં આવે તથા અન્ય કોઈ રીતે તેનો દુર ઉપયોગ કે બગાડ થાય નહી તેની તકેદારી રાખવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૫) જાહેરાતના બોર્ડ/લોગો/લખાણને લીધે કોઈ પણ વ્યકિત અગર સંસ્થાને કોઈ પણ પ્રકારનું નુકસાન થશે તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૬) ઈજારાની મુદત દરમ્યાન જાહેર હિતમાં અથવા અન્ય કોઈ પણ કારણોસર જરૂર જણાય તો મહાનગરપાલિકા ઈજારદારને ટુંકી નોટીસ આપી ઈજારો રદ કરી શકશે. તેવા પ્રસંગે ઈજારદારને કોઈપણ પ્રકારનું વળતર કે નુકશાની માંગવાનો અધિકાર રહેશે નહી. તથા ઈજારદારે તાત્કાલીક

પોતાના જાહેરાતના બોર્ડ સ્વખર્ચે ઉતારી જાહેરાતના માધ્યમો નો કબજો સુરત મહાનગરપાલિકા સોંપવાનો રહેશે.

(૭) સરકાર દ્વારા ચૂંટણીની જાહેરાત થયેથી તેની આચાર સંહિતાનો અમલ થાય તે સમયગાળા દરમ્યાન ઈજારદાર ઉકત ચૂંટણીની આચાર સંહિતાનો ભંગ થાય તેવી કોઈપણ જાતની જાહેરાતો પ્રસિધ્ધ કરી શકશે નહી અને જો આ સમયગાળા દરમ્યાન આવી કોઈ જાહેરાતો પ્રસિધ્ધ કરવામાં આવ્યાનું જણાશે તો તે અંગેના જે કંઈ પરિણામની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૮) ઈજારદાર દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ જાહેરાત બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા, ખાતા, વિભાગ દ્વારા વાંધો રજુ કરવામાં આવે તો તે બાબતનો યોગ્ય નિકાલ ઈજારદારે પરભારે કરવાનો રહેશે તથા તેવી જાહેરાતો બાબતે સ્પષ્ટતા / ખુલાસા ઈજારદાર પાસેથી સુરત મહાનગરપાલિકા માંગી શકે છે અને જે જાહેરાત બાબતે કોઈને વિરોધ છે તે જાહેરાત વાંધાજનક ન હોવા બાબતે સંતોષકારક / અધિકૃત પુરાવાઓ સહિતનો જવાબ ઈજારદારે રજુ કરવાનો રહેશે.

(૯) આ તમામ માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવામાં આવે ત્યારે સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન ન થાય તેની ખાસ કાળજી રાખવી તથા જે કંઈ તુટ–ફુટ થાય તેની મરામત સુરત મહાનગરપાલિકા તરફથી સુચવ્યા મુજબ કરવાની તથા તેને યથાવત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૦) જાહેરાતના માધ્યમો પર કોઈ પણ પ્રકારનું ડાયરેકટ પેઈન્ટીગ કરી શકાશે નહિ.

(૧૧) બીડી, ગુટખા, સિગારેટ, તમાકુ અથવા કોઈ પ્રતિબંધિત ચીજ વસ્તુઓની જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહિ.

(૧૨) માદક દ્રવ્યો અને મધપાન કરનાર પીણાં અને પદાર્થો અંગેની જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહિ.

(૧૩) ઈજારદાર પ્રવર્તમાન કાયદા મુજબ રાજકીય અથવા સામાજિક, નૈતિક અથવા ધાર્મિક દ્દષ્ટિકોણથી અશ્લીલ વાંધાજનક કોઈ પણ જાહેરાત પ્રસિધ્ધ કરી શકાશે નહિ.

(૧૪) ઈજારાના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકા, સરકાર અથવા માનનીય અદાલત ધ્વારા પ્રતિબંધિત જાહેર ખબર અંગેના કોઈ પણ ફેરફારો ઈજારદાર ધ્વારા તાત્કાલિક અમલી અને બંધનકર્તા રહેશે.

(૧૫) ઈજારદારે કવોટેશનમાં જણાવેલ ભાવો / ઓફર પ્રમાણેની નિયત પુરેપુરી લાયસન્સ ફીની રકમ તાકીદે ભરવાની રહેશે અને જો કોઈ માધ્યમ પર ઈજારદાર ધ્વારા જાહેરાત કરવામાં ન આવે તો પણ પુરેપુરી લાયસન્સ ફીની રકમ સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાની રહેશે. જેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.

(૧૬) રોડ, ટ્રાફિક સાઈન, સિગ્નલને અંતરાયરૂપ થાય તે રીતે બોર્ડ મુકી શકાશે નહી.

(૧૭) વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકાશીત કે નિયોન પ્રકારની જાહેરાતના બોર્ડ મુકવાની પરવાની આપવામાં આવશે નહી.

(૧૮) જાહેર જનતાના માનસ ઉપર વિકૃત અસર કરે તેવી જાહેરાત કે વોલ પેઈન્ટીંગની મંજુરી આપવામાં આવશે નહી.

(૧૯) વસવાટના વિસ્તારમાં ત્રાસરૂપ થાય તેવી પ્રકાશીત જાહેરાત કે નિયોન સાઈન જાહેરાત મુકી શકશે નહી.

(૨૦) દરેક હોર્ડિંગ્સ પવન, વરસાદ, ધરતીકંપ જેવા તમામ લોડીંગને અનુરૂપ નેશનલ બિલ્ડીંગ કોડમાં સુચવ્યા મુજબની સ્ટ્રકચરલ ડિઝાઈન ધરાવતા હોવા જોઈએ.

(૨૧) જેના આકાર, સ્થળ તથા રંગના કારણે અધિકૃત ટ્રાફિક સાઈન કે સિગ્નલ સાથે ગુંચવણો ઉત્પન્ન કરે તેવી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહી.

(૨૨) "PUBLIC RIGHT OF WAY" માં આવી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકશે નહી.

(૨૩) રાહદારી / વાહન ચાલકને ગેરમાર્ગે દોરી ગૂંચવણો ઉત્પન્ન કરે તેવા "STOP", "LOOK", "DANGER" કે આવા પ્રકારના અન્ય શબ્દ ધરાવતી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહી.

(૨૪) ઉપરોકત કોઈપણ શરતો ઈજારદાર પાલન કરવાનું ચૂકે તો દિન–૩૦ ની નોટીસ આપી કામગીરીમાંથી મુકત કરવામાં આવશે અને આ તબકકે કરેલ કામગીરી અંગે કોઈ પણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી.

ઉપરોકત તમામ શરતોના અર્થઘટન બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે. સદર ટેન્ડર સંદર્ભે કોઈપણ પ્રકારના કાયદાકીય પ્રશ્ન ઉભા થશે તો તે અંગેનું કાયદાકીય/ ન્યાયિક ક્ષેત્ર સુરત રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**પૂર્વ(વરાછા) ઝોન–એ**
**સુરત મહાનગરપાલિકા**

**ઈજારદારની સહીઃ–**

હું નીચે સહી કરનાર શ્રી ____________________________________________ સરનામું

_____ __________________________________________________

સંસ્થા હોય તો તે સંસ્થાનું નામ :–

તથા સંસ્થા સાથેનો સંબંધ :–

ઉપર જણાવેલ ટેન્ડરની તમામ શરતો પૂરેપૂરી વાંચી, સમજી અને તે પ્રમાણે વર્તવાની ખાતરી આપીને આ ટેન્ડર ભરવામાં આવેલ છે, અને ઉપરોકત શરતો પ્રમાણે વર્તવાની હું શ્રી ____________________________________________ આથી લેખિત બાંહેધરી આપું છું.

**–: માલિક / ભાગીદારના ફોટા નામ તથા સહી :–**

| | |
|---|---|
| નામ : ____________________ | નામ : ____________________ |
| સહી : ____________________ | સહી : ____________________ |

| | |
|---|---|
| નામ : ____________________ | નામ : ____________________ |
| સહી : ____________________ | સહી : ____________________ |

**( નોંધ : જો વધુ ભાગીદાર હોય તો બીજી અલગ શીટ સામેલ કરી તેમાં ફોટા ચોંટાડી નામ તથા સહી દર્શાવવા. )**

# <u>પત્રક –૩ હકીકત ફોર્મ</u>

**કામનું નામઃ પૂર્વ(વરાછા) ઝોન–એ માં વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧(એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવાનું કામ.**

સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા) ઝોન–એ માં વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧(એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવા માટે રસ ધરાવતા એસોશીએશન, એજન્સી કે જેમાં એક વ્યકિત કે વધુ વ્યકિતઓથી કોઈ સંસ્થા બનાવી હોય તેમણે પુરી પાડવાની માહિતીઃ–

(૧) સંસ્થાનું પુરુ નામ :–

(૨) પુરુ સરનામુ :–

(૩) સંચાલકનું પુરુ નામ :–

(૪) સંચાલકનુ રહેઠાણનું સરનામું :–

(૫) ભાગીદારોની વિગત :–

| <u>અ.નં.</u> | <u>નામ</u> | <u>સરનામું</u> | <u>સહી</u> |
|---|---|---|---|
| (અ) | | | |
| (બ) | | | |
| (ક) | | | |
| (ડ) | | | |

(૬) સંસ્થાનો કાયમી GST રજી.નંબર :–
(પુરાવા રૂપે ઝેરોક્ષ નકલ રજુ કરવી)

(૭) પાછલા ૩ (ત્રણ) વર્ષના ઈન્કટેક્ષ કલીયરન્સ :–

સર્ટીની પ્રમાણિત નકલ

(૮) ભાગીદારીના કરારની પ્રમાણિત નકલો :–

(૧૦) મહાનગરપાલિકા સાથે પત્રવ્યવહાર :–
તથા લેવડ–દેવડ માટે અધિકૃત પ્રતિનિધિ /
ભાગીદારનું નામ, સરનામું
તથા ફોન નંબર

ઉપર જણાવ્યા મુજબની હકીકત અમારી જાણ અને માન્યતા મુજબ ખરી છે. જેની અમો આથી ખાત્રી આપીએ છીએ.

**તા. / /૨૦૨૩**

________________________

**ઈજારદારની સહી તથા સિકકો**

# <u>પત્રક–૪ બાંહેધરી પત્રક</u>

**કામનું નામઃ પૂર્વ(વરાછા) ઝોન–એ માં વિસ્તારમાં આવેલ આઈ માતા રોડ પર બન્ને સાઈડના સ્ટ્રીટ લાઈટ પોલ પર ૦૧(એક) વર્ષની મુદત માટે કિયોસ્ક મુકી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો મેળવવાનું કામ.**

આથી હું નીચે સહી કરનાર ______________________________ રહે. ________ ______________________________ આ કવોટેશનમાં જણાવેલ તમામ શરતો પૂરેપૂરી વાંચી, સમજી તે પ્રમાણે વર્તવાની ખાત્રી આપીને આ કવોટેશન ભરુ છું. આ કવોટેશન ફોર્મમાં જણાવેલ માધ્યમો ઉપર જાહેરાતના હકકો ૦૧(એક) વર્ષની મુદત માટે સુરત મહાનગરપાલિકાને લાયસન્સ / પરવાના ફી ભરપાઈ કરવાની શરતે તથા તમામ મ્યુનિસિપલ તથા સરકારી કરવેરાઓ અલગથી નિયમ મુજબ આપવા બંધાઉ છું. જાહેરાતના માધ્યમો અંગેની તમામ જવાબદારી મારી છે. મારી કવોટેશનમાં જણાવેલ મંજુર થયેલ લાયસન્સ ફીની રકમ નિયત સમયમર્યાદામાં ભરવાની હું બાંહેધરી આપું છું. આ કવોટેશનની બાનાની રકમ **રૂા.........**/– સુરતની શીડયુલ બેંકમાં વટાવી શકાય તેવા પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફટ નં. ____________ તા.________________, ________________ ____________ બેંક સુરતનો આ સાથે સામેલ કરેલ છે.

**ટેન્ડરર/સંસ્થાનું નામ તથા સીકકો :–**

**ટેન્ડરર/સંસ્થાનું પુરું સરનામું :–**

**ટેન્ડરરરનું પુરું નામ :–**

**ટેન્ડરરની સહી :–**

**તા. / /૨૦૨૩**